# અપીલ અરજી નં. ૦૧

અરજદાર :– શ્રી આદેશ અર્જુનભાઈ સાબળે
૬–૨૩, ન્યુ સુડા આવાસ,
બાટલીબોય, ભેસ્તાન, સુરત.
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (જનસંપર્ક વિભાગ)

આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી આદેશ અર્જુનભાઈ સાબળે દ્વારા આઇ.ડી.નં.૨૪૨૬ તા.૦૭/૦૨/૨૦૧૭ના રોજ એક અરજી સેન્ટ્રલ ઝોનના સિવિક સેન્ટર ખાતે કરવામાં આવેલ. સદર અરજી આંશિક ટ્રાન્સફર થઇ અત્રેના વિભાગને અરજીની તારીખથી ૧૪ દિવસના વિલંબ બાદ પી.આર.ઓ.નં.૩૦૮૪ તા.૨૦/૦૨/૨૦૧૭ ના રોજ મળેલ છે.

અત્રે મળેલ અરજી અનુસંધાને અરજદારશ્રીને પી.આર.ઓ.આ.નં.૧૬, તા.૧૦/૦૪/૨૦૧૭ ના રોજ નિયત મુદત બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. (ટપાલની પહોંચ આ સાથે સામેલ છે.)

અરજદારશ્રીને પાઠવેલ જવાબથી નારાજ થઇ તેઓશ્રી દ્વારા તા.૨૪/૦૩/૨૦૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. સદર અરજી અત્રેના વિભાગને નિયત મુદત પછી ૭ દિવસના વિલંબબાદ પી.આર.ઓ.ઈ.નં.૫૫ તા.૦૭/૦૪/૨૦૧૭ થી મળેલ છે.

મળેલ પ્રથમ અપીલ અરજી અન્વયે અત્રેના જનસંપર્ક વિભાગ દ્વારા અરજદારશ્રીને તા.૨૦/૦૪/૨૦૧૭ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે પી.આર.ઓ.આ.નં.૨૯ તા.૧૧/૦૪/૨૦૧૭ના રોજ એક પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહિ તથા કોઈ લેખિત કે મૌખીક રજુઆત કરેલ નહિ. આથી અત્રેના વિભાગ દ્વારા હકારાત્મક અભિગમ દાખવી અરજદારશ્રીને વધુ એકવાર રૂબરૂ સુનાવણી માટે તક આપી તા.૦૬/૦૫/૨૦૧૭ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પી.આર.ઓ.આ.નં.૯૭, તા.૨૬/૦૪/૨૦૧૭ના

રોજ તેઓશ્રીને રૂબરૂમાં પત્ર પાઠવવામાં આવેલ. પત્રોની નકલ તથા અરજદારશ્રીને પત્ર મળ્યાની પહોંચ આ સાથે સામેલ છે.

સુનાવણી માટે ઉપરોકત વિગતના પત્રો પાઠવવા છતાં અરજદારશ્રી તેમની પ્રથમ અપીલની સુનાવણીમાં હાજર રહેલ નથી કે કોઈ લેખીત અથવા મૌખિક રજુઆત કરેલ નથી.

**“હુકમ”**

અરજદારશ્રીની મુળ અરજી તથા તેઓશ્રીની પ્રથમ અપીલ અરજી ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

"અરજદારશ્રીની નમુના 'ક'ની માહિતી મેળવવા માટેની અરજી સંદર્ભે અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારશ્રીને તેમની અપીલ અરજીની સુનાવણી બાબતે ૨(બે)વાર પત્રો પાઠવી સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી કે સુનાવણી સંદર્ભે કોઇ પણ પ્રકારનો પત્ર વ્યવહાર કે કોઇ લેખીત કે મૌખિક રજૂઆત કરેલ નથી. આથી અરજદારશ્રીને કોઇ રજુઆત કરવાની ન હોય એવા તારણ સાથે આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે."

પી.આર.ઓ./આઉટ/નં.૨૦૫
તા.૧૧/૦૫/૨૦૧૭

અપીલ અધિકારી અને જનસંપર્ક અધિકારી
સુરત મહાનગરપાલિકા

નકલ રવાના, પ્રતિઃ–
(૧) શ્રી આદેશ અર્જુનભાઈ સાબળે
૬–૨૩, ન્યુ સુડા આવસ, બાટલીબોય, ભેસ્તાન, સુરત.
(૨) આસી. નોડલ ઓફિસરશ્રી/આર.ટી.આઇ. સેલ પ્રતિ.... જાણ માટે.
(૩) એકઝી. આસી. શ્રી (આઇ.એસ.ડી.) વિભાગ પ્રતિ....જાણ તથા વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા.